Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)
VOLUME : 17 ISSUE : 12 DATE: 16- 09 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ દશમ ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

## કેન્દ્ર સરકારે પર્યાવરણ અનુપાલન અને શાસનને મજબૂત બનાવવા માટે પર્યાવરણ ઓડિટ નિયમ - ૨૦૨૫ની જાહેરાત કરી

ભારત સરકારે કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય (MoEFCC) દ્વારા પર્યાવરણ ઓડિટ નિયમ, ૨૦૨૫ને ૨૯ ઑગસ્ટ થી સત્તાવાર અમલમાં મૂક્યો છે. સરકારનું માનવું છે કે આ નિયમો પર્યાવરણ સંરક્ષણ મજબૂત કરવા, સ્વ-અનુપાલન પ્રોત્સાહિત કરવા અને દેશવ્યાપી હવામાન પ્રતિબદ્ધતા ને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ વિકસાવવામાં આવેલા આ નવા નિયમો વ્યાપક જાહેર ચર્ચા પછી તૈયાર કરવામાં આવ્યા હતા. તેનું ડ્રાફ્ટ ૨૯ જાન્યુઆરી ૨૦૨૪એ પ્રથમ વખત બહાર પાડવામાં આવ્યું હતું. સૂચનોની સમીક્ષા બાદ મંત્રાલયે સ્વ-નિયંત્રણ ને પ્રોત્સાહિત કરવા, ઉદ્યોગોમાં આંતરિક પર્યાવરણ નિયંત્રણ મજબૂત બનાવવા અને કાયદા તથા ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે તેને આખરી ઓપ આપ્યો.

આ નિયમો હેઠળ પ્રોજેક્ટ, પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓ માટે "વ્યવસ્થિત પર્યાવરણ ઓડિટ ફરજિયાત" રહેશે. આ ઓડિટથી સુનિશ્ચિત થશે કે આવી પ્રવૃત્તિઓ પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, હવા અધિનિયમ (૧૯૮૧), પાણી અધિનિયમ (૧૯૭૪), વન સંરક્ષણ અધિનિયમ અને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ સહિતના કાયદાઓનું પાલન કરે છે. આ ઓડિટથી "લાઈફ (LiFE)" મિશન હેઠળ ભારતના પર્યાવરણલક્ષી ધ્યેયોને ટેકો મળશે અને પ્રદૂષણ રોકવાના તથા પર્યાવરણ પુનર્જીવિત કરવામાં મદદરૂપ થશે.

નિયમોમાં રજીસ્ટર પર્યાવરણ ઓડિટર (REA)ની વ્યાખ્યા કરવામાં આવી છે. તેઓ વ્યક્તિ કે ફર્મ હોઈ શકે છે જે પર્યાવરણ ઓડિટ કરવા માટે સત્તાધિકૃત હશે. આ ઓડિટરો ને એન્વાયરમેન્ટલ ઓડિટ ડેઝીગ્નેટેડ એજન્સી (EADA)" પાસેથી પ્રમાણપત્ર મેળવવું પડશે. EADA સમગ્ર ઓડિટ સિસ્ટમનું સંચાલન કરશે, જેમાં ઓડિટરોનું પ્રમાણન, પંજીકરણ, કામગીરીની દેખરેખ અને તાલીમ નો સમાવેશ થાય છે.

REA ની જવાબદારીમાં પ્રોજેક્ટોની ઓડિટ, પ્રદુષણને લગતા ઉત્સર્જન અને કચરાના નમૂનાઓ એકત્રિત કરીને વિશ્લેષણ કરવું, પ્રદૂષણ નિયંત્રણ અને કચરા વ્યવસ્થાપન સિસ્ટમ ની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું સામેલ રહેશે. તે નિયમોનું ઉલ્લંઘન અથવા અનઅનુપાલનનાં કિસ્સાઓ ઓળખીને રિપોર્ટ કરશે. જરૂર પડે ત્યાં પર્યાવરણ વળતરનો અંદાજ પણ કરશે.

REAને ગ્રીન ક્રેડિટ નિયમ, ૨૦૨૩, ઈકો માર્ક નિયમ, ૨૦૨૪, ઈ-વેસ્ટ, પ્લાસ્ટિક કચરો, બેટરી કચરો જેવા નિયમોની ચકાસણી ની ફરજ પણ સોંપવામાં આવશે.

સાથે સાથે ઓડિટ પ્રક્રિયાની પારદર્શિતા જાળવવા માટે હિતોના ટકરાવ સામે કડક જોગવાઈઓ રાખવામાં આવી છે. કોઈ ઓડિટર એવી પ્રોજેક્ટની ઓડિટ નહીં કરી શકે જ્યાં તેનો કે તેની ફર્મનો વ્યક્તિગત, નાણાકીય કે વ્યાપારી સંબંધ હોય.

ઓડિટરો ને નિષ્પક્ષતા માટે પ્રતિબદ્ધ રહેવું ફરજિયાત છે. પ્રોજેક્ટનું વિતરણ રેન્ડમ પસંદગી દ્વારા થશે. આચારસંહિતા પણ લાગુ કરવામાં આવશે. નિયમોનું ઉલ્લંઘન થવા પર સસ્પેન્શન, નિષ્કાસન કે કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

તેમના ઉપર દેખરેખ રાખવા માટે મંત્રાલયના ઉપસચિવ ની અધ્યક્ષતામાં"ઉચ્ચસ્તરીય ઓપરેશનલ કમિટી"ની રચના થશે. તેમાં મંત્રાલયના વિવિધ વિભાગો, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને પ્રાદેશિક કચેરીના અધિકારીઓ સામેલ રહેશે.

જો REAની ઓડિટ રિપોર્ટ અને સરકારી અધિકારી ની નોંધ માં તફાવત હોય, તો અધિકારીની રિપોર્ટને પ્રાથમિકતા મળશે.

પર્યાવરણ ઓડિટ નિયમોના મૂળમાં સ્વ-અનુપાલન નો સિદ્ધાંત છે, જે સ્વતંત્ર ચકાસણી દ્વારા સમર્થિત છે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

## DCM શ્રીરામ કેમિકલ લિમિટેડ અને આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ ક્લોરીન સપ્લાય માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક સમજૂતી કરી છે

DCM શ્રીરામ કેમિકલ લિમિટેડ અને આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ ક્લોરીન સપ્લાય માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક સમજૂતી કરી છે.

આ સંમતિ હેઠળ, ઝઘડિયા એસ્ટેટમાં ઝોન-૪માં DCM શ્રીરામ તેના ક્લોર-આલ્કલી પ્લાન્ટમાંથી આરતી ઈન્ડસ્ટ્રીઝના આવનારા ડાઉનસ્ટ્રીમ કેમિકલ્સ પ્લાન્ટ માટે એકમાત્ર ક્લોરિન સપ્લાયર તરીકે કામ કરશે.

ભાગીદારીના ભાગરૂપે, બંને કંપનીઓ પોતાના પ્લાન્ટ વચ્ચે અદ્યતન ટેકનોલોજી ધરાવતા જેકેટેડ અંડરગ્રાઉન્ડ ક્લોરિન પાઈપલાઈનનું નિર્માણ કરશે. ખાસ એન્જિનિયરિંગ વડે ડિઝાઈન કરાયેલ આ પાઈપલાઈન સુરક્ષા, વિશ્વસનીયતા અને પર્યાવરણીય સંરક્ષણને સુનિશ્ચિત કરે છે.

સંપૂર્ણ રીતે કાર્યરત થયા બાદ, આરતી ઈન્ડસ્ટ્રીઝ ઢ્ઝસ શ્રીરામ કેમિકલ પાસેથી હાલમાં ૧૫૦ ટન પ્રતિ દિવસ (TPD) ક્લોરિન ખરીદતા વધુમાં વધુ ૨૦૦ ટન પ્રતિ દિવસ ક્લોરિન ખરીદવાનું નક્કી કર્યું છે.

DCM શ્રીરામ કેમિકલના ED અને CEO, સબલીલ નંદીએ જણાવ્યું કે આ સમજૂતી DCM શ્રીરામ લિમિટેડ અને આરતી ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે ઊંડા વિશ્વાસ અને સહકારને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા દીર્ઘકાલીન ક્લોરિન સપ્લાયનું પ્રતિબદ્ધ થવું અમારી સલામત, ટકાઉ અને વિશ્વસનીય કેમિકલ ઈન્ટિગ્રેશનમાં નેતૃત્વની પુષ્ટિ કરે છે. આ ભાગીદારી DCM શ્રીરામને એક પસંદગીના સપ્લાયર તરીકે સન્માનિત કરતી સાથે 'ઈન્ડાયરેક્ટ ક્લોરિન ઈન્ટિગ્રેશન' ના માધ્યમથી અમારા કોસ્ટિક સોડા ક્ષમતા ઓછી વેડફવાનો અને વધારે મૂલ્ય સર્જવાના ઉદ્દેશને આગળ વધારશે."

આરતી ઈન્ડસ્ટ્રીઝના CEO, સુયોગ કોટેચાએ જણાવ્યું કે "આરતી ઈન્ડસ્ટ્રીઝના અને ઢ્ઝસ શ્રીરામની વચ્ચેની આ ભાગીદારી પરસ્પર સહકાર અને વ્યૂહાત્મક સમજૂતી પર આધારિત છે, જે ક્રિટિકલ કેમિકલ્સના ખર્ચ કટોકટીમા ઉત્પાદનને ટેકો આપે છે. આ સમજૂતી એ આરતી ઈન્ડસ્ટ્રીઝનું લાંબા ગાળાનું પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે સપ્લાય સિક્યોરિટી મજબૂત બનાવી, સાથે સાથે ઓપરેશનલ સલામતી અને ટકાઉપણું પ્રતિબિંબિત કરે છે.

ક્લોરિન અમારી વેલ્યૂ ચેઈન માટે અતિ આવશ્યક છે અને ખાસ પાઈપલાઈન મારફતે તેના સિક્યોર સપ્લાયથી વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત થાય છે. ઝોન-૨, ઝઘડિયા ખાતેના અગાઉના અનુભવ આધારિત આ ભાગીદારી ગ્રાહકો, રોકાણકારો અને સમુદાયોને વધુ સલામત અને વિશ્વસનીય ઓપરેશન દ્વારા મૂલ્ય પ્રદાન કરવાનો આરતી ઈન્ડસ્ટ્રીનો પ્રતિબદ્ધ વિચાર દર્શાવે છે."

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS & TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 98241 10687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

### પર્યાવરણ ઓડિટ નિયમો ૨૦૨૫ દેશના બગાડતા જતા પર્યાવરણને સુધારવામાં કેટલો કારગત સાબિત થાય છે તે ભવિષ્ય બતાવશે.

કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે ૨૯ મી ઓગસ્ટ પર્યાવરણ ઓડિટ નિયમ ૨૦૨૫ ની જાહેરાત કરી. જો કે આ નિયમથી સરકારી અધિકારીઓના કામમાં મદદ મળશે તેવી આશા રખાઈ રહી છે. એક રીતે કહો તો સરકારી અધિકારી નું કામ માન્ય ઓડિટર કરશે અને અધિકારીઓ તેની ઉપર દેખરેખ રાખશે. એવી આશા રખાઈ રહી છે કે તેનાથી પર્યાવરણને વધુ સચોટ રીતે નિરીક્ષણ કરી શકાશે. જેનાથી પર્યાવરણ સુધારવા બાબત સારું પરિણામ મેળવી શકાય.

આ નિયમને લઈને પર્યાવરણને સુધારવામાં કેવા પરિણામો મળે છે તે તો આવનાર ભવિષ્ય જ બતાવશે. કારણ કે દેશમાં બગાડતા જતા પર્યાવરણ ને ધ્યાને લઇ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી. તેનાથી પર્યાવરણના દોષિતોને ઝડપથી સજા આપવામાં ઉપયોગી થયું પરંતુ પર્યાવરણ સુધારવામાં જોઈએ તેવી કે પછી આશા રાખી હતી તેવી પ્રગતિ જોવાઈ નહીં . છતાંય એક પ્રકારનો સંતોષ તો છે કે પર્યાવરણની અલગ કોર્ટ છે અને લોકોના પર્યાવરણને લગતા પ્રશ્નો સંભાળવામાં આવે છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ ને લઈને વાતાવરણ સુધારવામાં કેટલી સફળતા મળી તે ચર્ચાનો વિષય છે પરંતુ વાતાવરણ બગડતું અટકાવવા માં તે જરૂર કારગત સાબિત થયું છે.

ઑડીટર ના નવા નિયમની બાબતમાં જો કે નિષ્ણાતોનું માનવું છે કે મુખ્ય પડકાર ઓડિટ કરવામાં નથી, પણ ઓડિટના પરિણામોને અર્થપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં છે. જનસાધારણ સુધી પહોંચાડવામાં પારદર્શિતા સૌથી અગત્યની છે. ત્રણ દાયકાથી ઓડિટ થઈ રહ્યા છે, પણ તેના નિષ્કર્ષો ભાગ્યે જ જાહેર કરવામાં આવે છે. પરિણામે મહત્વની માહિતી ઉપયોગ વિના જ રહી જાય છે. હવે સારી ઓડિટ ઉપરાંત એવી સ્પષ્ટ વ્યવસ્થા હોવી જોઈએ કે જેમાં મુખ્ય પર્યાવરણ સૂચકો જાહેર કરવામાં આવે. પારદર્શિતા વિના, તૃતીય-પક્ષ ઓડિટ માત્ર ઔપચારિકતા બની રહેશે. ઓડિટ ઉપર લોકોનો વિશ્વાસ ટકી રહેવો જોઈએ.

જવાબદારી મજબૂત કરવા અને હવામાન કાર્યવાહી આગળ ધપાવવા માટે પર્યાવરણ ઓડિટ ડેટાનું જાહેર થવું જરૂરી છે. જો ડેટા જાહેર કરવામાં આવે તે બહુ જરૂરી છે. નહીંતર પ્રદુષણ ફેલાવતી કંપની કાગળ ઉપર બધું સમુસુતરું બતાવશે. લોકોને તેની જાણકારી પણ નહિ હોય. કરવા જઈશું સારું અને થઈ જશે ભ્રષ્ટાચાર માટેનું વધુ એક દ્વાર ઉઘડી જશે. આથી ડેટા જાહેર કરવા પર જોર આપવું જોઈએ. આથી જનભાગીદારી વધશે, નિયામક સંસ્થાઓને ટેકો મળશે. ઉદ્યોગોને સુધારા માટે પ્રોત્સાહન મળશે. ઉદ્યોગોને લાગશે કે પર્યાવરણના સુધારા માટે આ કરવું જરૂરી જ નહીં પરંતુ ફરજીયાત છે, તો જ તેઓ કરશે.

આનાથી ઉદ્યોગો ઉપર પર્યાવરણ સુધારવા માટેનું દબાણ ઊભું થાય અને તેનાથી પર્યાવરણ સુધરે તો સમગ્ર પ્રોસેસ ફાયદારૂપ છે. ઉધોગો ઉપર પર્યાવરણ બાબતમાં વધારે બારીકાઈથી નજર રાખી શકાય. પર્યાવરણ સુધારવામાં લોકોને પણ જોડી શકાય તો સમગ્ર કસરત અર્થપૂર્ણ નીવડશે.

## અંકલેશ્વર એસ્ટેટમાં પ્રતિન ચોકડી થી એશિયન પેઈન્ટ્સ ચોકડી સુધી વાહન કંપનીમાં જ પાર્ક કરવા સૂચના

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા પ્રતિન ચોકડી થી એશિયન પેઈન્ટ્સ ચોકડી સુધી કંપનીના વાહન તેના કમ્પાઉન્ડ માં પાર્ક કરવા જણાવાયું છે.અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા પત્ર લખીને ઉદ્યોગકારોને સૂચના અપાઈ છે. ટ્રાફિક જામની પરિસ્થિતિ પર અંકુશ મેળવવા ઉદ્યોગ મંડળ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અંકલેશ્વરની પ્રતિન ચોકડીથી એશિયન પેઈન્ટ્સ ચોકડી સુધીમાં આવેલ કંપનીઓને ૧૦ હજાર ચોરસ મીટરથી વધુના પ્લોટ ફાળવવામાં આવ્યા છે. તેમ છતાં તેઓના કંપનીમાં આવતા ભારે વાહનો અને કર્મચારીઓના વાહન બહાર મુકાવી દેતા હોવાથી અવારનવાર ટ્રાફિક જામ અને અકસ્માતની ઘટના સામે આવી છે જેને પગલે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા તમામ કંપનીઓને લેખિતમાં જાણ કરી તેમના વાહનો માટે કંપનીની અંદર પાર્કિંગ સુવિધા ઉભી કરી ત્યાં પાર્ક કરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

મુખ્ય માર્ગને અડીને જ મોટા વાહનો ઉભા કરી દેવતા આ માર્ગ પર ટ્રાફિક જામ ની વિકટ સમસ્યા સર્જાય છે ત્યારે મોટા વાહન અંદર પાર્ક હોવાથી અન્ય વાહનો સરળતાથી પસાર થઈ શકશે.

અંકલેશ્વર એસ્ટેટમાં ટ્રાન્સપોર્ટ નગર બની રહ્યું છે પરંતુ તેને તૈયાર થવામાં થોડોક સમય લાગે તેમ છે. ત્યારપછી ટ્રાફિક સમસ્યા હાલાકી થશે તેવી આશા રખાઈ રહી છે.

# માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સેવા દાયિત્વના ચાર વર્ષ

૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સેવાદાયિત્વના ચાર વર્ષ પૂર્ણ કર્યા છે. આ ચાર વર્ષ સેવા-સમર્પણ, સુશાસન, ઔદ્યોગિક વિકાસ અને નીતિ નિર્ધારણના રહ્યા છે. આ ચાર પિલર પર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ગુજરાતને જે ગ્રોથ એન્જિન બનાવ્યું છે, તેને આગળ ધપાવવા તેઓએ સતત, અવિરત, અથાગ પ્રયાસો કર્યા છે. માનનીય મુખ્યમંત્રીએ આ ચાર વર્ષોમાં વિકાસનાં લાભ રાજ્યના જન-જન સુધી પહોંચે તે સુનિશ્ચિત કર્યું છે. માનનીય મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ગત ચાર વર્ષોમાં તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસ સાધ્યો છે, દરેક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે.

**કોર્પોરેટરથી મુખ્યમંત્રી સુધીની સફર**

૧૫ જુલાઈ, ૧૯૬૨ના રોજ અમદાવાદમાં જન્મેલા ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજમાંથી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. વર્ષ ૧૯૮૭માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા અને ત્યારથી તેમની રાજકીય સફર શરૂ થઈ. ૧૯૯૫-૯૬માં તેઓ મેમનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા. તેમણે ૧૯૯૯-૨૦૦૦ સુધી પહેલી ટર્મ અને ૨૦૦૪-૨૦૦૬ સુધીની બીજી ટર્મમાં મેમનગર પાલિકાના પ્રમુખ તરીકે ફરજ બજાવી. ત્યારબાદ વર્ષ ૨૦૦૮-૨૦૧૦ સુધી તેમણે છસ્સ સ્કૂલ બોર્ડના વાઇસ ચેરમેન તરીકે અને તે પછી ૨૦૧૦-૨૦૧૫ દરમિયાન થલતેજ વોર્ડના કાઉન્સિલર તરીકે ફરજ બજાવી. ૨૦૧૫-૨૦૧૭ દરમિયાન તેમણે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) ના ચેરમેન તરીકે સેવાઓ આપી અને વર્ષ ૨૦૧૭માં તેઓ ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યના ૧૭મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં, અને રાજ્યની વિકાસયાત્રાની શાસનધુરા સંભાળી. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ ભારે મતોથી જીત્યા અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ તેમણે સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

**મક્કમ વ્યક્તિત્વ, મક્કમ નિર્ણયો**

આ ચાર વર્ષો દરમિયાન માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મક્કમ અને નિર્ણાયક નેતૃત્વનું મજબૂત ઉદાહરણ આપ્યું છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ અમદાવાદમાં ચંડોળા તળાવ ખાતે તમામ ગેરકાયદે દબાણો તોડી નાખવામાં આવ્યા અને ૪ લાખ ચોરસ મીટર જેટલો તળાવનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવ્યો. આ ઉપરાંત, દ્વારકા અને સોમનાથ ખાતે પણ ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા અને સોમનાથ ખાતે અંદાજે ૪ લાખ ૭૯ હજાર ચોરસ મીટરથી વધુ તેમજ દ્વારકા ખાતે અંદાજે ૧ લાખ ૫૪ હજાર ચોરસ મીટરથી વધુ જમીન ખુલ્લી કરવામાં આવી. માનનીય મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ભ્રષ્ટાચાર આચરતા લગભગ ૫૦ જેટલા સરકારી અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, જે દર્શાવે છે કે માનનીય મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. આ ઉપરાંત, જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો અમલી કરવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ સામાન્ય જનતાના હિતમાં રાજ્ય સરકારે વીજળીના દરમાં તાજેતરમાં ૧૫ પૈસાનો ઘટાડો કર્યો છે, જે થકી રાજ્યની સામાન્ય જનતાને ૪૦૦ કરોડનો ફાયદો થશે. આ સાથે જ ખેડૂતોના હિતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ખેતીની જમીન વેચાણના કિસ્સામાં નોંધ મંજૂર તથા પ્રિમિયમની અને એન.એ.ની પરવાનગી કાર્યવાહીમાં વધુ સરળીકરણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નિર્ણય મુજબ રાજ્યની મહાનગરપાલિકાઓ, શહેરી સત્તા મંડળના વિસ્તારો તથા ભાવનગર, જામનગર અને જૂનાગઢ વિસ્તાર વિકાસ મંડળ સિવાય રાજ્યમાં સમગ્ર વિસ્તારની નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનો હવેથી જૂની શરતની ગણાશે. આના પરિણામે ખેડૂતોને ખેતી તથા બિનખેતી હેતુ માટે શરતફેર કરવા માટે ભરવાપાત્ર પ્રિમિયમમાંથી મુક્તિ મળશે તેમજ, ખેડૂતો અને સામાન્ય નાગરિકોને જમીનની ખરીદી, વેચાણ તબદીલી માટે શરતફેરની વહીવટી પ્રક્રિયા ખૂબ જ સરળ બનશે.

**સેવા અને સમર્પણના ૪ વર્ષ**

★ રાજ્યના ૩૮ શહેરોમાં ઘરવિહોણા ગરીબો માટે પાયાની સુવિધાઓ ધરાવતા ૧૧૬ આશ્રયસ્થાન સ્થાપિત, આશ્રયસ્થાનોમાં દરરોજ ૧૦ હજાર લોકો આશરો મેળવે છે

★ દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને માથે છત મળી રહે તેવા મોદી સાહેબના વિઝનને આગળ વધારતા ચાર વર્ષમાં રાજ્યમાં ૧૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ

★ પ્રાથમિક શાળાના બાળકોને બપોરના ભોજન ઉપરાંત પોષણયુક્ત પૌષ્ટિક આહાર મળે તે સુનિશ્ચિત કરવા 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો પ્રારંભ

★ રાજ્યના ૩.૨૬ કરોડ લોકોને લાભાર્થીઓને મળી રહ્યો છે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ

★ નમો શ્રી યોજના હેઠળ ૧ વર્ષમાં ૪ લાખ માતાઓને મળી ૨૨૨ કરોડની આર્થિક સહાય

★ શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૩ ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત, અત્યારસુધીમાં ૨ કરોડ ૬૮ લાખ લોકોને ભોજન વિતરણ

★ મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ વાર્ષિક સરેરાશ ૪,૮૬,૬૩૨ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ

★ આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરતા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ્ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી ૫ લાખની સહાય વધારીને ૧૦ લાખ

★ ગુજરાતમાં ૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ

★ પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) અંતર્ગત ગુજરાતમાં કુલ ૨૮૩ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યરત

★ રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૭૮ હજારથી વધુ દર્દીઓના ૨,૨૩,૯૭૯ કીમોથેરાપી સેશન્સ થયા

★ "વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ

★ અંત્યોદય પરિવારોની સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમેલિઝ ફોર ઑગમેન્ટિંગ લાઈવલીહુડ્સ) યોજના લોન્ચ

★ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૪ વર્ષમાં કુલ ૬૫૪૭ ભરતીમેળાઓ થકી ૫,૦૬,૭૪૧ લોકોને રોજગાર આપવામાં આવ્યો

★ 'નમો લક્ષ્મી' યોજના શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યની ૧૦ લાખથી વધુ વિદ્યાર્થિનીઓને ૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી

★ 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૧૬૧ કરોડથી વધુની સહાયની ચૂકવણી

★ કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૬,૮૯૯ ગામો (૧૯.૪૮ લાખ ગ્રાહકો સાથે) નિયમિત મેળવે છે દિવસે વીજળી

★ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન કાર્યક્રમ હેઠળ ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે

★ નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ જાહેર

★ આદિજાતિ સમુદાયોના વિકાસ માટે ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલી કરવામાં આવી

**સુશાસનના ૪ વર્ષ**

★ કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર 'ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન'- GRITની રચના

★ ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટે ગુજરાત વહીવટી સુધારણા આયોગની (GARC) રચના

★ રાજ્યના શહેરોને ભવિષ્યલક્ષી આયોજન સાથે ફ્યુચર રેડી બનાવવા માટે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરવામાં આવ્યું

★ રાજ્યમાં ૯ નવી મહાનગરપાલિકાઓ જાહેર કરી, હવે ગુજરાતમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ

★ નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રિક અને વહિવટી મંજૂરી મળ્યા બાદ આર.સી.એમ. દ્વારા બે હપ્તામાં ૧૦૦ ટકા ગ્રાન્ટની ફાળવણી કરાશે

★ 'અ' વર્ગની નગરપાલિકામાં હવે નગરપાલિકા કક્ષાની સમિતિ દ્વારા જ ૭૦ લાખ સુધીના કામોની તાંત્રિક - વહીવટી મંજૂરી આપી શકાશે.

★ 'બ' વર્ગમાં ૫૦ લાખ – 'ક' વર્ગમાં ૪૦ લાખ અને 'ડ' વર્ગમાં ૩૦ લાખ સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપી શકાશે

★ "અર્નિંગ વેલ, લિવિંગ વેલ"ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

★ રાજ્યના શહેરો ગ્રોથ હબ બને તે દિશામાં ૬ ગ્રોથ હબ બનાવવાનું આયોજન

★ રાજ્યમાં ઇઝ ઓફ લિવિંગને વેગ આપવા નવી દરેક ટી.પી. સ્કીમમાં ૧ ટકા અર્બન ફોરેસ્ટ, ૧ ટકા પાર્કિંગ અને ૫ ટકા ઇ.ડબ્લ્યુ.એસ. માટે અનામત

★ રાજ્યના નાના નગરો સુનિયોજીત રીતે વિકસે તે માટે દરેક નગરપાલિકામાં એક ટીપી સ્કીમ વિકસાવાશે

★ શહેરી વિકાસ વર્ષમાં નાના નગરોના સુઆયોજિત વિકાસ માટે ૧૦૦થી વધુ ટીપી સ્કીમ મંજૂર થશે

★ ૧ લાખ સુધીની વસ્તી ધરાવતા ૫૫ નગરો માટે GIS આધારિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવશે

★ રાજ્યના વહીવટીતંત્રમાં AIના ઉપયોગ દ્વારા સુશાસનને પ્રોત્સાહન આપવા માટે AI ટાસ્ક ફોર્સની રચના

★ શાળાઓમાંથી સંભવિત ડ્રોપઆઉટ થનારા વિદ્યાર્થીઓની ઓળખ માટે શિક્ષણ વિભાગે અમલમાં મૂકી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS)

★ પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ તેમજ મહિલા અને બાળકો માટે સિંગલ ઇમરજન્સી હેલ્પલાઇન નંબર ૧૧૨ જાહેર, મલ્ટીપલ હેલ્પલાઇન નંબરો થયા રિપ્લેસ

★ ગુજરાતમાં પીએમ સૂર્યઘર યોજના હેઠળ ૪.૦૪ લાખ સોલાર રૂફટોપ પેનલ્સ; રાજ્ય કુલ ૧૦ લાખ રૂફટોપ સોલાર ઇન્સ્ટોલેશન સાથે દેશમાં અગ્રેસર

★ રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત

★ રાજ્યમાં કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ, નેશનલ પોલીસ ગેમ્સ, નેશનલ ગેમ્સ ૨૦૨૨ જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના રમતગમત કાર્યક્રમો યોજાયા

★ કોમનવેલ્થ ૨૦૨૯ અને ઓલિમ્પિક્સ ૨૦૩૬ ના આયોજન માટે ગુજરાતની પસંદગી





**ઔદ્યોગિક વિકાસના ૪ વર્ષ**

★ ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ

★ ગુજરાતમાં સ્પેસિફિક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ઊભી કરવાની નેમ સાથે ગિફ્ટ ઇન્ટરનેશનલ ફિન્ટેક એન્ડ ઇનોવેશન હબનું ઉદ્ઘાટન

★ ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે:

★ સાણંદમાં માઇક્રોન કંપની દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટ નિર્માણાધીન

★ સાણંદમાં કેયન્સ સેમિકોનનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ નિર્માણાધીન

★ સી.જી.પાવર, રેનેસાસ ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને સ્ટાર્સ માઇક્રો ઇલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે બની રહ્યો છે સેમિકન્ડક્ટર પ્લાન્ટ

★ ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રા.લિ. અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સાથે મળીને સ્થાપિત કરશે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ

★ સાણંદમાં ભારતની સૌપ્રથમ એન્ડ ટુ એન્ડ આઉટસોર્સ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનો પ્રારંભ

★ ગુજરાતે છેલ્લા ચાર વર્ષોમાં ૨૦,૪૩૧ મિલિયન યુએસડીના મૂલ્યની FDI મેળવી

★ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન, ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓ સામેલ

★ રાજ્યની સ્થાનિક ક્ષમતાઓને વૈશ્વિક તકો સાથે જોડવા અને જમીની સ્તરના વિકાસને વેગ આપવા રાજ્યના ચાર પ્રદેશોમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ (VGRC)નું આયોજન

★ રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં પ્રથમ વખત ગિફ્ટ સિટી ખાતે "ફિલ્મ ફેર એવોર્ડ"નું આયોજન

★ ૭૦મો ફિલ્મફેર એવોર્ડ ગુજરાતમાં આયોજિત કરવા માટે પ્રવાસન નિગમે વર્લ્ડ વાઇડ મીડિયા પ્રા.લિ. સાથે એમઓયુ સાઇન કર્યા

★ યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ "બેસ્ટ ટુરિઝમ વિલેજ" જાહેર

★ યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબા "અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર" તરીકે જાહેર કરવામાં આવ્યો

★ UNESCOના Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ

**નીતિ નિર્ધારણના ૪ વર્ષ**

★ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સેક્ટર સ્પેસિફિક નીતિ નિર્ધારણથી રાજ્યના વિકાસને વેગ આપવાની શરૂઆત કરી હતી. તેને આગળ વધારતા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સેક્ટર સ્પેસિફિક નીતિઓ ઘડીને રાજ્યમાં ફ્યૂચરિસ્ટિક ક્ષેત્રો માટે દ્વાર ખોલ્યાં છે.

૧. ગુજરાત આત્મનિર્ભર પોલિસી (૨૦૨૨)
૨. ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી ૨૦૨૨-૨૭
૩. નવી ગુજરાત IT/ITes પોલિસી ૨૦૨૨-૨૭
૪. ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૭
૫. ધ ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી (૨૦૨૨)
૬. ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨-૨૭
૭. સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૭
૮. ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૩
૯. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-2.0)
૧૦. ગુજરાત ખરીદ નીતિ ૨૦૨૪
૧૧. ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસી ૨૦૨૪
૧૨. ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૨૪
૧૩. કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૨૪
૧૪. ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પોલિસી (૨૦૨૫-૩૦)
૧૫. ગુજરાત સ્પેસટેક પોલિસી ૨૦૨૫-૩૦
૧૬. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી – ૨૦૨૫

# GHCLની માંડવીમાં સોડાએશ માટેની પર્યાવરણ મંજૂરીને પડકારતી અપીલ NGT સાંભળશે

ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ (GHCL)ને કચ્છના માંડવી તાલુકાના બાડા ગામે સોડાએશ અને સોડિયમ બાયકાર્બોનેટનું ઉત્પાદન કરવા કેન્દ્ર સરકારે જે પર્યાવરણ મંજૂરી આપી છે તેને પડકારતી અપીલ સાંભળવા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(NGT)ની પૂણે ખાતે પશ્ચિમ ઝોનની ખંડપીઠે બહાલી આપી છે. જો કે જીએચસીએલએ માગ કરી હતી કે તેને ના સાંભળવામાં આવે. જો કે NGT એ તે માંગ ફગાવી દીધી હતી.


જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ અધ્યક્ષ, જસ્ટિસ દિનેશ કુમાર સિંઘ ન્યાયિક સભ્ય અને ડૉ. વિજય કુલકર્ણી, નિષ્ણાત સભ્યોની ખંડપીઠે પોતાના વિસ્તૃત હુકમમાં તમામ પક્ષકારોની દલીલ સાંભળ્યા બાદ જીએચસીએલ સામે થયેલી આવી અપીલ કરવાનો અરજદારને કોઈ હક જ નથી બનતો તે માત્ર આ પ્રોજેક્ટને વિલંબિત કરવાનો પ્રયાસરૂપ હોવાની રજૂઆત ફગાવી દીધી હતી અને અગાઉ આ જ મુદ્દે થયેલી અપીલ સાથે જ ૧૭મી નવેમ્બર, ૨૦૨૫ના દિવસે આ અપીલની સુનાવણી યોજવાનો હુકમ કર્યો હતો.

ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ એવો દાવો હતો કે, આ જ પ્રકારની દલીલો, ગ્રાઉન્ડ રજૂ કર્યાની સાથે બીજી પણ આવી જ અપીલ ફાઈલ કરવામાં આવી છે. આથી જો આ અપીલ પણ સાંભળવામાં આવશે તો ટ્રિબ્યુનલની કાર્યવાહી બેવડાશે. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, આ અપીલ માત્ર કંપનીના આ પ્રોજેક્ટને વિલંબિત કરવાના ઈરાદે થયેલી છે અને કોડ ઑફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ના ઓર્ડર ૨, નિયમ ૨ અન્વયે પણ જે સિદ્ધાંત નિશ્ચિત કરવામાં આવ્યા છે તેને ધ્યાને રાખી ટકી શકે તેમ નથી અને અપીલ આ તબક્કે જ ફગાવી દેવી જોઈએ.

જો કે, સામે અપીલ કરનાર પક્ષે એવી દલીલ કરી હતી કે, નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ એક્ટ, ૨૦૧૦ની કલમ ૧૬ મુજબ, કોઈપણ અસરગ્રસ્ત વ્યક્તિને કલમ ૧૬ હેઠળ થયેલા હુકમને પડકારતી અપીલ કરવાનો સંપૂર્ણ અધિકાર મળેલો છે. આ અપીલ કલમ ૧૬(એચ) હેઠળ મળેલી પર્યાવરણીય મંજુરીને પડકારતી હોવાની હકીકત બિન વિવાદિત હોવાથી અપીલની સુનાવણી થવી જ જોઈએ.

## કચ્છના માંડવીમાં બાડા ગામે સોડાએશ અને સોડિયમ બાયકાર્બોનેટ ઉત્પાદનનો પ્રોજેક્ટ છે

# પાનોલીની સંઘવી કેમિકલમાં રિએક્ટરમાં ધડાકો થતાં આગમાં કંપની બળીને ખાક થઈ ગઈ





પાનોલી જીઆઈડીસીમાં આવેલી સંઘવીઓર્ગેનિક કંપનીમાં તારીખ ૧૪મી સપ્ટેમ્બરે મળસ્કે ૩.૪૫ વાગ્યે આગ ફાટી નીકળી હતી.ટોલ્વીનનીબે ટાંકીમાં લાગેલી આગ ઝડપથી ફેલાતા નજીકમાં આવેલ સંજાલી ગામમાંલોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ થતાં લોકો જીવ બચાવવા માટે ૨ કિમી દૂર હાઈવે પર આવી ગયાં હતાં.આગના પગલે ૫ હજારની વસ્તીધરાવતા ગામમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગની ઘટના બની તે કંપની ૪૦ વર્ષ જૂની છે. અને તેમાં બેન્ઝાઈલક્લોરાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ, બેન્જાઈ લ્ડીહાઈડનું ઉત્પાદન કરવામાંઆવે છે. આ કેમિકલ ના ઉત્પાદનમાં રો મટીરીયલ તરીકે ટોલ્વીન નો ઉપયોગ થાયછે. કંપનીમાં ટોલ્વીન નો સંગ્રહ કરેલ બે ટાંકી માંથી આગની શરૂઆત થઈ હતી. સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં તો ૧૩,૫૦૦ ચોરસ મીટર માં ફેલાયેલી આખી કંપનીભસ્મીભૂત થઈ ગઈ હતી. ફાયર વિભાગની ટીમ ૧૨ લાલ બંબા સાથે સ્થળ પર પહોંચી હતી પણ આગ વિકરાળ હોવાથી તેમને પણમુશ્કેલીનો સામનો પડયો હતો. પવનના કારણે ધુમાડા જીઆઈડીસીની નજીકમાં આવેલ સંજાલીગામ સુધી પહોંચી જતાં લોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી.કંપનીમાં આગ લાગવાનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી પણ રિએક્ટરમાં ધડાકો થયાનીસંભાવના છે. ધડાકાને લઈને લોકોએ ધરતીકંપ જેવો અનુભવ કર્યો હતો.આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ બહારઆવ્યું નથી. સંજાલી ગામને ખાલી કરાવી લોકોને સલામત સ્થળે ખસેડી લીધા હતા.આરોગ્ય વિભાગની ટીમે લોકોને ગામમાં સારવાર પણ આપી હતી. ધુમાડા અને કેમિકલની અસરઓછી કરવા માટે બિફોડીન મશીન ઘટના સ્થળ નજીક મુકવામાં આવ્યા હતા.

# અંકલેશ્વરમાં ગાના ગ્રુપ દ્વારા તોફાની વાયરો-૮ કાર્યક્રમ યોજાયો






## બાકરોકની સ્કૂલના વિદ્યાર્થીઓએ સૌના દિલ જીતી લીધા

અંકલેશ્વર જીઆઈડીસીમાં ગાના મ્યુઝિક લવર્સ ક્લબ દ્વારા ૮માં વર્ષે તોફાની વાયરાના નામથી પ્રચલિત નવોદિત પણ આબાલ વૃદ્ધ ગાયક કલાકારોને ગાવાની તક આપતો કાર્યક્રમ યોજાયો હતો.

અંકલેશ્વરના ડાયમંડ ચિલ્ડ્રન થિયેટરમાં યોજાયેલ આ કાર્યક્રમમાં સ્થાનિક ગાયકોને પ્લેટફોર્મ આપીને સ્ટેજ ઉપર પરફોર્મ કરવાના આશય સાથે ગાના મ્યુઝિક લવર્સ ક્લબના નેજા હેઠળ તોફાની વાયરા નામનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કુલ ૮૯ જેટલા કલાકારોએ જૂના નવા ફિલ્મી ગીતો, શાસ્ત્રીય ગાયન સહિત અનેક રસપ્રદ કૃતિઓ રજૂ કરી હતી.જેમાં જાણીતા લોકગાયક અભેસિંહ રાઠોડનું સન્માન કરાયુ હતુ. ગાના ક્લબના નરેશ પુજારા તેમજ મનોજ આનંદપુરા સહિત આ કાર્યક્રમમાં ઉદ્યોગ અગ્રણી એન. કે. નાવડીયા,જીપીસીબીના અધિકારી જીજ્ઞાશા ઓઝા સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બાકરોલની સ્કૂલના ૮થી ૧૨ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા જે કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો તેની થીમે સૌના દિલ જીતી લીધા હતા. તેમને સંસ્કૃત ભાષા લુપ્ત થતી જતી હોવા વિષે ગાંમહીર ચિંતા વ્યક્ત કરી હતી. સાથે સાથે અમારી પેઢી સંસ્કૃત ભાષા લુપ્ત નહિ થવા દે તેની ખાતરી આપી હતી. તેમને ગીતાના કેટલાક શ્લોકનું ગાન કર્યું હતું અને તેનો ભાવાર્થ પણ કહ્યો હતો. જે લોકોના દિલોને સ્પર્શી ગયો હતો. સાથે સાથે ગુજરાતી ભાષાના ગુજગાન પણ વ્યક્ત કર્યા હતા.

# ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫માં GPCB દ્વારા હવા અને પાણીમાં પ્રદૂષણ ફેલાવનાર ચાર હજારથી વધુ એકમો સામે કેસ

ગુજરાત કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ નું હબ છે. અનેક કેમિકલ એસ્ટેટની સાથે છુટીછવાયી કંપનીઓ આવેલી છે. જેથી પ્રદૂષણ નો પ્રશ્ન હંમેશા ઝળુંબતો રહે છે. ઔદ્યોગિક એકમો દ્વારા હવા અને પાણીમાં પ્રદૂષણ ફેલાવવા ની ફરિયાદ અવાર નવાર ઉઠતી રહે છે, જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રહી રહીને પગલાં ભરાય છે. ઝેરી પ્રદૂષણના કારણે ગુજરાતની નદીઓના પટ્ટ પણ ખતરનાક બન્યા છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં સામે આવ્યું છે કે, માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતમાં પાણીમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે ૨૪૫૪ જ્યારે હવામાં પ્રદૂષણ ફેલાવવા બદલ ૬૪૩ કોર્ટ કેસ કરવામાં આવ્યા છે, આ ઉપરાંત ફોજદારી ૨૪૭ અને પર્યાવરણ સુરક્ષાને લગતા ૬૨૨ એમ કુલ ૩,૯૬૬ કેસ કરાયા છે, જે પૈકી ૨૮૯૨ કેસનો નિકાલ થયો છે અને હાલ ૧,૦૭૪ કેસ પડતર છે. કસૂરવાર ઠર્યા હોય અને જેલ કે દંડની સજા થઈ હોય તેવા માંડ ૩૧ કેસ છે. આ ઉપરાંત હવામાં પ્રદૂષણ ફેલાવવા બદલ એક વર્ષમાં ૬,૯૮૧ જેટલા એકમો, પર્યાવરણ સુરક્ષાને લગતા કેસમાં ૨,૨૬૬ ઔદ્યોગિક એકમ અને પાણી અધિનિયમના ૧૪,૪૫૪ કેસમાં એકમને બંધ કરવાના આદેશ અપાયા હતા, આમ કુલ ૨૩ હજારથી વધુ કેસમાં એકમ બંધ કરવાના આદેશ અપાયા છે.

ગુજરાતમાં સંખ્યાબંધ ઔદ્યોગિક એકમો દ્વારા કાયદાની ઐસી તૈસી કરી ગંદા પાણીનો નિકાલ કરાતો હોય છે, જેમાં કોર્ટ દ્વારા ૫૬ કિસ્સામાં દંડ તેમજ ૩૧ કિસ્સામાં જેલ અને દંડનો હુકમ થયો છે. ગંદા પાણીનો નિકાલ કરતા અટકાવવાને લગતા વચગાળાના મનાઈ હુકમના ૪૩૦ કેસ જ્યારે વચગાળાના મનાઈ હુકમ કાયમી કર્યા હોય તેવા ૨૧૯ કેસ છે. બોર્ડની મંજૂરી વિના જ સ્ટેક મોનિટરિંગ સગવડ વગર પ્લાન્ટ ચલાવવા માટે દંડની સજા કરી હોય તેવા ૬૬ કેસ છે. હવાના પ્રદૂષણ ફેલાવતા બદલ ૧૯૭૨૦ નોટિસ ઈશ્યૂ કરવામાં આવી છે.

# મગણાદ ગામની ગૌચરની જમીનમાંથી ખાનગી કંપની દ્વારા કરાયેલા રસ્તો બંધ કરાયો

જંબુસર તાલુકાના મગણાદ ગામની ગૌચર જમીનનો વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ દ્વારા રસ્તા તરીકે થઈ રહેલા ઉપયોગને હાઈકોર્ટ દ્વારા તાકીદે રોક લગાવવા કલેક્ટર ભરૂચ ને આદેશ કરતા કલેક્ટરે ગૌચરની જમીનનો રસ્તા તરીકે ઉપયોગ બંધ કરાવતા ગ્રામજનોમાં હર્ષની લાગણી પ્રવર્તી છે.

મગણાદ ગામની ગૌચર જમીન સેફ એન્વાયરો નામની કંપની પોતાના વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટમા જવા આવવા માટે રસ્તા તરીકે ગેરકાયદેસર ઉપયોગ કરતી હોય આ બાબતે મગણાદ ગામ ના ખેડૂતો તથા ગ્રામજનો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગરવાલ તથા ન્યાયમૂર્તિ ડી.એન.રે ની બે ન્યાયાધિશોની ખંડપીઠે કલેક્ટરને તાત્કાલિક તપાસનો આદેશ આપવા સાથે કંપનીને ગૌચર જમીન ના રસ્તા તરીકે ઉપયોગ કરવાથી તરત જ રોકવા સૂચના આપી હતી. આ ઉપરાંત અદાલતે તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલી ૨ જી ફેબ્રુઆરી ૨૦૨૪ની મંજૂરીને કલેક્ટરની સત્તા વગર ગેરકાયદે ગણાવી અદાલતે નોંધ્યું કે, ગૌચર જમીન ગામના લોકો તથા પશુઓ માટે અતિ મહત્વપૂર્ણ છે, કેસની આગામી સુનાવણી તારીખ ૩ જી ઓક્ટોબરે રાખવામાં આવી છે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN®
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

## કરખડી-દૂધવાળા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા અત્યંત ખરાબ રસ્તા ને લઈને પાદરાના ધારાસભ્યને આવેદનપત્ર આપીને વહેલામાં વહેલી તકે સસ્તો રીપેર કરી આપવા માટે રજૂઆત કરવામાં આવી



કરખડી-દૂધવાળા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા અત્યંત ખરાબ રસ્તા ને લઈને પાદરાના ધારાસભ્યને આવેદનપત્ર આપીને વહેલામાં વહેલી તકે સસ્તો રીપેર કરી આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કરખડી-દૂધવાળા ગામના વિસ્તારમાં ઝોન-૩ માં મોટા પ્રમાણમાં કેમિકલ કંપનીઓ આવેલી છે. આ કંપનીઓ મેઝર એકસિડેન્ટ હેઝાર્ડ (MAH ) કંપનીઓ આવેલી છે. ચોમાસાને લઈને આ વિસ્તારના રોડ ખૂબ જ ખરાબ સ્થિતિમાં આવી ગયા છે. રોડ ઉપર મોટા મોટા અને ઊંડા ઊંડા ખાડા પડી ગયા છે. તેને લઈને વાહન ચલાવવું કઠિન જ નહિ અશક્ય બની ગયું છે. આ પરિસ્થિતિ ઉદભવતા કરખડી -દૂધવાળા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા પાદરાના ધારાસભ્ય ચૈતન્ય સિંહ ઝાલા ને આવેદનપત્ર આપીને તાત્કાલિક રોડ રિપેર કરી આપી વાહનો અવરજવર કરી શકે તેવી સ્થિતિમાં લાવવા માટે રજૂઆત કરી હતી. ભવિષ્યમાં નવો રોડ બનાવી આપવાની પણ માંગણી કરી હતી.

રજુઆતમાં એમ પણ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ઓલીયમ, ઈથિલીન ઓક્સાઈડ જેવા હેઝાર્ડસ અને જોખમી કેમિકલનું વાહન થાય છે. તેની ટેક્રરો ખાડા માંથી પસાર થતા હાલકડોલક થાય છે. જેથી અકસ્માત થવાનો સતત ભય રહેલો છે. તેનાથી ગામલોકોની સુરક્ષા પણ જોખમાય છે. રોડની સ્થિતિ એવી છે કે કોઈ અકસ્માત થાય તો એમ્બ્યુલન્સ પણ સમયસર સ્થળ પર પહોંચી શકે તેમ નથી.

ધારાસભ્ય ચૈતન્ય સિંહ ઝાલા એ જણાવ્યું હતું કે આ ૫૫ કિલોમીટર રોડ મંજુર થઈ ગયો છે. તેનું કામ નજીકના ભવિષ્યમાં ચાલુ થઇ જશે. પરંતુ હાલ પૂરતું આ રોડ જે ખરાબ સ્થિતિમાં છે તેને રીપેર કરવા માટે જે તે અધિકારીઓને મળીને ઝડપથી રોડ રિપેર થાય તેમ કરવામાં આવશે.

## વિલાયત ખાતે ગ્રાસિમ માર્ચ ૨૦૨૬ સુધીમાં ECH અને CPVC પ્લાન્ટનું કમિશનિંગ કરવા તૈયાર

આદિત્ય બિરલા ગ્રુપનો ભાગ ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, વિલાયત (દહેજ PCPIR ) ખાતે બે મહત્વની ફેસિલિટી – એક એપીક્લોરોહાઈડ્રિન (ECH) અને બીજું ક્લોરિનેટેડ પોલિવિનાઇલ ક્લોરાઈડ (CPVC) રેઝિન પ્લાન્ટ નાણાકીય વર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કમિશન કરશે. આ પગલાં ગ્રાસિમ એડવાન્સ મટિરિયલ્સના એકીકૃત વેલ્યૂ ચેઈનને વધુ મજબૂત બનાવશે.

કંપનીના હાલના વાર્ષિક રિપોર્ટ અનુસાર, ગ્રાસિમ નું કેમિકલ બિઝનેસ સતત તેની લીડરશિપ પોઝિશન મજબૂત બનાવી રહ્યું છે, અને હાલમાં ૧,૫૦૫ કિલોટન પ્રતિ વર્ષ (KTPA ) ની ઈન્સ્ટોલ્ડ ક્ષમતા સાથે ભારતમાં સૌથી મોટું કોસ્ટિક સોડા ઉત્પાદનકર્તા બનેલું છે.

રિપોર્ટ અનુસાર FY25 દરમિયાન, કલોર-આલ્કલી બિઝનેસમાં નેટ ઈસીએયુ (Electrochemical Unit) રિયલાઈઝેશનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો, જેનું મુખ્ય કારણ વૈશ્વિક કિંમતોમાં મજબૂતી હતી.

"ક્લોરિન ડેરિવેટિવ્સ સેકશને પણ મજબૂત વૃદ્ધિ દર્શાવે છે, જે ફોકસ્ડ પોર્ટફોલિયો ડેવલપમેન્ટ દ્વારા સમર્થિત છે."

"સ્પેશિયાલ્ટી કેમિકલ્સમાં, અમારી એપોકસી પોલીમર્સ અને ક્યૂરિંગ એજન્ટની ક્ષમતા દેશના ઈતિહાસમાં સૌથી ઉચ્ચ સ્તરે વિસ્તારી દીધી છે."


T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad


## પાદરા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા
# નદી પર તાત્કાલિક સ્ટીલ બનાવટવાળો વોક-વે તથા નાના વાહનો જઈ શકે તેવો હંગામી પુલ બનાવવા રજુઆત કરાઈ



Pravinbhai Rabadia (PIA President)

પાદરા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પ્રવીણભાઈ રાબડીયાએ જણાવ્યું હતુ કે મહી નદી પર આવેલો ગંભીરા પુલ પરનો એક ભાગ તૂટી પડયો છે, જેના કારણે અનેક લોકોના દૈનિક જીવન અને રોજગાર પર ગંભીર અસર પડી છે, ખાસ કરીને આણંદ જિલ્લામાંથી પાદરા તાલુકા તરફ રોજગારી તથા દૈનિક કાર્યો માટે જતા લોકો પર તેની વધારે માઠી અસર પડી છે.

આ પુલ પાદરા અને વડોદરા આસપાસના ઉદ્યોગો તથા નાના વ્યવસાયોમાં જતા અનેક મજૂરો માટે મહત્વપૂર્ણ કડી છે, અને તેના બંધ થવાથી દૈનિક વેતનદાર મજૂરો, કામદારો તથા નાના વ્યવસાય કરનારાઓને, જે રોજિંદા અવરજવર પર આધારિત છે. તેમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

જેથી પાદરા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફથી વડોદરા જિલ્લા કલેક્ટરને રજુઆત કરીને જણાવાયું હતું કે કાયમી મરામત કે પુનઃનિર્માણ પૂર્ણ થાય ત્યાં સુધી નદી પર તાત્કાલિક સ્ટીલનો બનાવટવાળો વોક-વે તથા બે-ચક્રી વાહન અને ચાર-ચક્રી વાહન પસાર થવા માટેનો માર્ગ બનાવવામાં આવે, જેથી મજૂરો અને દૈનિક મુસાફરોની અવરજવર સરળ બને આ તાત્કાલિક વોક-વે પર યોગ્ય

સુરક્ષાના પગલાં તથા ટ્રાફિક નિયંત્રણની યવ થા કરવામાં આવે જેથી સુરક્ષિત અને વ્યવસ્થિત અવરજવર થઈ શકે.

ખાસ નોંધવું રહે કે તાજે તરમાં પ્રયાગરાજ ખાતે કુંભનો મેળો યોજાયો ત્યારે સરકાર દ્વારા આવા ૨૭ ઉપરાંત હંગામી પુલની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર તાત્કાલીક એક સ્ટીલનો હંગામી પુલ બનાવી લોકોની મુશ્કેલી દૂર કરી કરી શકે છે.

ઉદ્યોગો અને સ્થાનિક હિતધારકો સાથે સંકલન કરીને, શક્ય હોય તો દૈનિક મુસાફરો માટે શટલ સેવાઓ અથવા સહ-મુસાફરી (પૂલિંગ) જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવે તેવી પણ રજુઆત કરાઈ હતી.

આ ઉપાયો દૈનિક અવરજવર પર આધારિત અનેક પરિવારો પર પડેલા આર્થિક બોજને ઘટાડવામાં ખૂબ જ મદદરૂપ થશે અને સાથે જ પ્રાંતની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને આર્થિક યોગદાનની સતતતા સુનિશ્ચિત કરશે.

કલેક્ટરને રજુઆત પછી વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ આવ્યા હતા અને વિવિધ રૂટની બસ સુવિધા કરવાનું નક્કી થયું હતું. તેમને જણાવ્યું હતું કે અમે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ય્જીઇ્ઝ)ની સાથે સંકલન કરીને બસ સેવા કાર્યરત કરીશું, પરંતુ હજુ સુધી કોઈ પરિણામો જોવા મળ્યા નથી.

એક અંદાજ મુજબ આણંદ જિલ્લામાંથી ઈન્ડસ્ટ્રીઝમાં આઠ હજારથી વધારે કર્મચારી-કામદાર રોજગારી અર્થે આવે છે. અત્યારે ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા કર્મચારીઓને દોઢ કલાક જેવો વધારે સમય અને નાણાંનો વ્યય થાય છે. જેનો બોજ ઇન્ડસ્ટ્રીઝે ઉઠાવવો પડે છે. કર્મચારીઓને વહેલા ફરજમુક્ત કરીને તેઓ સમયસર ઘર પહોંચે તેવી વ્યવસ્થા કરાવી પડે છે. કેટલીક કંપનીઓએ પોતાની રીતે ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ઉભી કરી છે. જેનો વધારાનો બોઝ ઈન્ડસ્ટ્રીઝ પર આવે છે.

## પાદરામાં રખડતા ઢોરનો પ્રશ્ન

**પાદરા જંબુસર રોડ અને તેની આસપાસ આવેલ મોટા ભાગની કંપનીઓનો પાદરા શહેરમાં થઈને જવાનો રસ્તો છે. પાદરા શહેરમાં ગાયોનો ત્રાસ ખુબ મોટા પ્રમાણમાં વધી ગયો છે. સંગમા ગામથી શરુ કરીને ડભાસા સુધી જયાં જુઓ ત્યાં રોડ ઉપર ગાયોના ટોળેટોળા બેઠેલા કે ફરતા જોઈ શકાય છે. જેને લઈને ટ્રાફિક જામ થાય છે. જેને લઈને ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા લોકો ટ્રાફિક જામનો ભોગ બને છે. તેઓ સમયસર કંપનીઓ પર પહોંચી શકતા નથી. સમયનો બગાડ થાય છે. એક બાજુ રોડ પહોળા કરીને સરકાર વાહનવ્યવહાર સરળ અને ઝડપી બને તેવા પ્રયાસ કરે છે. બીજી બાજુ રખડતા ઢોરના પ્રશ્ને મૂકપ્રેક્ષક બની રહે છે. આ પ્રશ્નના નિરાકરણ માટે સ્થાનિક તંત્રે મક્કમ પગલાં ભરીને ટ્રાફિક જામની સમસ્યાને દૂર કરવી જોઈએ. તેવી માંગ કરવામાં આવી છે.**

## જે કંપનીઓ એફલુઅન્ટ ચેનલથી બે કિલોમીટરના દાયરામાં છે, પરંતુ CETP ની સભ્ય છે તેમને વિસ્તરણની મંજૂરી આપવી જોઈએ

પાદરા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પ્રવીણભાઈ રાબડીયાએ જણાવ્યું હતું કે પાદરાની ઈન્ડસ્ટ્રીઝ ઘણા પ્રશ્નોનો સામનો કરી છે. તેમાં સૌથી મોટો પ્રશ્ર્ન અત્યારે હયાત કંપનીઓના વિસ્તરણનો છે. કંપનીઓ ઘણા વર્ષોથી કાર્યરત છે, પરંતુ તેમને વિસ્તરણ કરવાની મંજૂરી આપવામાં નથી આવતી.

એક દાયકા ઉપરાંત સમયથી પાદરા પોલીસીના નામે આ વિસ્તારમાં નવી ઈન્ડસ્ટીઝ સ્થાપવા તેમજ હયાત ઈન્ડસ્ટ્રીઝના વિસ્તરણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ઈન્ડસ્ટ્રીઝની ખુબ રજુઆત પછી એકલુઅન્ટ ચેનલ થી બે કિલોમીટરના અંતરે નવી ઈન્ડસ્ટ્રીઝ સ્થાપવાની કે હયાત ઈન્ડસ્ટ્રીઝના વિસ્તરણને છૂટ આપવામાં આવી. વાસ્તવમાં મોટા ભાગની હયાત કંપનીઓ એફલુઅન્ટ ચેનલની આસપાસ આવેલી છે. તેમની સ્થિતી કફોડી છે. આ કંપનીઓ બે દાયકા ઉપરાંત સમયથી કાર્ય કાર્યરત છે. તેમનો વિકાસ અટકી ગયો છે. તેમને વિસ્તરણની મંજૂરી આપવી જોઈએ. તે વી પાદરા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની લાંબા સમયથી માગણી છે. જે કંપનીઓ ભલે બે કિલોમીટરના દાયરામાં આવેલી હોય પરંતુ તેઓ ઉમરાયા ખાતે આવેલ કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એન્વિરો ઈન્ફાસ્ટ્રચર કંપની લિમિટેડ)ના સભ્ય છે. તેમને મંજૂરી આપવી જોઈએ.

## ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકે ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની શુભેચ્છા મુલાકાત લીધી



તારીખ ૧૨ મી સેપ્ટેમ્બરે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક આઈપીએસ અક્ષયરાજ મકવાણાએ તેમની ટીમ સાથે ત્રૈંછ અસોસિએશનની મુલાકાત લીધી ઝઘડીયા હતી. ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણીએ તેમનું સ્વાગત કર્યું હતું.

જેઆઈએ પ્રમુખ અશોક પંજવાણીએ પોલીસ વિભાગ તરફથી પૂરતો સહયોગ મળ્યા હોવાનું જણાવી પોલીસ વિભાગની પ્રશંસા કરી હતી, ઝઘડીયા એસ્ટેટને લગતા કાયદા અને વ્યવસ્થાના પ્રશ્નોની તેમને વિગતવાર રજુઆત કરી હતી. ઝગડીયા પોલીસ ઈન્સ્પેક્ટર પી.કે. રાઠોડ દ્વારા આસપાસના ગામોમાં ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આરોગ્ય, શિક્ષણ, રોડ, રસ્તાઓ, ડ્રેનેજ જેવી સુવિધાઓ ઉભી કરવામાં મદદ કરવામાં આવે છે તેની વિગતવાર માહિતી આપી હતી. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક આઈપીએસ અક્ષયરાજ મકવાણાએ ઉદ્યોગોને મુક્ત મને તેમના પ્રશ્નો અને મુશ્કેલીઓની રજુઆત કરવા જણાવ્યું હતું. તેમને ટ્રાફિકની તેમજ અન્ય સમસ્યાનો જેમ બને તેમ ત્વરિત ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. તેમને ઉદ્યોગોને સાવચેતીના પગલા રૂપે પૂરતા પ્રમાણમાં સીસીટીવી કેમેરા લગાડવા, કામદારોનું વેરિફિકેશન કરવા જણાવ્યું હતું.

તેમને ઉદ્યોગકારોને મુક્તમને ઉદ્યોગો ચલાવવા જણાવતા કહ્યું હતું કે ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે પોલીસ વિભાગ તરફથી હંમેશા આપને સહકાર મળતો રહેશે તેવી બાંહેધરી આપું છું.

ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં જેઆઈએ પ્રમુખ અશોક પંજવાણી, ઉપપ્રમુખ રાજેશ નાહટા, સેક્રેટરી સુનિલ શારદા તેમજ કમિટીના સભ્યો, ઉદ્યોગકારો અને ઉદ્યોગ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.


PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યુ.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002